EDI

Sandesh

March 18, 2016
Page No. 4
Of City Life

# ઇડીઆઇમાં યોજાયો આર્ટિઝન માટે ખાસ ટ્રેનિંગ પ્રોગ્રામ

**અમદાવાદ , ૧૭ માર્ચ ૨૦૧૬**

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈ.ડિ.આઈ) અને ટૂરિઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત દ્વારા આર્ટિઝન માટે ખાસ કૌશલ્ય વર્ધક અને આંત્રપ્રિન્યોરશિપના ગુણોના વિકાસ માટે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગુજરાતના ૧૦૧ કારીગરો જોડાયા હતા. રાજ્યના આર્ટ અને ઈન્ડસ્ટ્રીઝના વિકાસ માટે ટૂરિઝમ મોટો ભાગ ભજવે છે, ત્યારે આર્ટિઝન પણ એ બાબત જાણે તે આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ હતો. આર્ટિઝનને દસ દિવસની ખાસ ટ્રેનિગ આપવામાં આવી હતી. જેમાં ગુજરાતની પરંપરાગત આર્ટને આધુનિક સમયમાં કેવી રીતે રજૂ કરી શકાય અને કેવી રીતે પોતાની પ્રોડક્ટમાં નવી બાબતોને ઉમેરીને પર્યટકોને આકર્ષી શકાય તે શીખવવામાં આવ્યું હતું. સાથે જ તેમને કમ્યુનિકેશન માટેની ખાસ ટ્રેનિંગ આપવામાં આવી હતી. ઈવેન્ટમાં ઈ.ડી.આઈના ડાયરેક્ટર સુનિલ શુક્લાએ જણાવ્યું હતું કે, ટૂરિઝમ ક્ષેત્રે અત્યારે વિકાસ થઈ રહ્યો છે. બિહારની મધુબની અને ઉત્તર પ્રદેશની ટેરાકોટાની માફક જ ગુજરાતના કળા અને ઉદ્યોગમાં પર્યટકોને આકર્ષવા માટે ક્ષમતા છે. હવે લોકોએ પોતાની ટેકનોલોજીનો ઉપયોગ કરતાં શીખવું પડશે.

